હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું પાક્ષિક વૃત્તપત્ર

સળંગ અંક : ૭૩૩, વર્ષ : ૩૨
અંક : ૦૭ એપ્રિલ-૦૧, ૨૦૧૯

# ઉદીચ્ય

HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN
Re-Accredited "A" 3.02 CGPA by NAAC

સૌજન્ય: શ્રી સિધ્ધહેમ પ્રકાશન નિધિ: શ્રી ભોગીલાલ લહેરચંદ કૌટુંબિક ટ્રસ્ટ તથા શ્રી પાટણ જૈનમંડળ, મુંબઈ

नान्नतोयं समं दानं न चाहिंसा परं तपः।
न गायत्री समं जाप्पं न व्याहृति समं हुतम्॥
सूत संहिता यज्ञ वैभव खंड अ. ६/३

**અન્ન અને જળ સમાન કોઇ દાન, અહિંસા સમાન તપ, ગાયત્રી સમાન જપ, વ્યાહૃતિ સમાન અગ્નિહોત્ર કોઈપણ નથી.**

नास्ति गंगा समं तीर्थ न देवाः केशवात्परः।
गायत्र्यास्तु परं जप्पं भूतं न भविष्यति॥
वृ.यो.यज्ञ. अ. १०२/७९

**ગંગાજી સમાન કોઇ તીર્થ નથી, કેશવથી શ્રેષ્ઠ કોઇ દેવતા નથી. ગાયત્રી મંત્રના જપથી શ્રેષ્ઠ કોઇ જપ નથી આજ સુધી થયો કે નથી થવાનો.**

सर्वेषां जप सूक्तानामुचश्च यजुषां तथा।
साम्नां चैकाक्षरादीनां गायत्री परमो जपः॥
वृ. पाराशर. स्मृति अ. ४/४

**સમસ્ત જપ સૂક્તોમાં, ઋગ્યજુ સામવેદોમાં તથા એકાક્ષર વગેરે મંત્રોમાં ગાયત્રી મંત્રનો જપ પરમ શ્રેષ્ઠ છે.**

## આદિવચન

**પ્રિય વાચક મિત્રો,**

પ્રાચીનકાળમાં ઋષિપરંપરામાં શિક્ષણની મુખ્ય ત્રણ વિદ્યાશાખા ભણાવવામાં આવતી હતી. ૧. વિજ્ઞાન વિદ્યાશાખા ૨. સામાજિક વિદ્યાશાખા અને ૩. અધ્યાત્મવિદ્યાશાખા. જેના કારણે એક પરિપૂર્ણ સુસંસ્કૃત સમાજનિર્માણ થતું હતું. વિજ્ઞાનના કારણે અવનવી શોધોનો પ્રાર્દૂભાવ થતો હતો. જેમકે મહાભારતમાં જણાવ્યા પ્રમાણે મહર્ષી વેદવ્યાસએ ગાંધારીના ગર્ભની ૧૦૦ અપરિપક્વ ગાંઠોને વિવિધ રસાયણોયુક્ત અલગ અલગ ઘડામાં રાખીને પૂર્ણ સમય બાદ ૧૦૦ બાળકોના જન્મ કરાવ્યાં હતાં, ગાયનેક વિદ્યાશાખાની આ ખૂબ જ મહત્ત્વની શોધ છે. (આજે પણ અપરિપક્વ બાળકને કાચની પેટીમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવે છે.) રામાયણમાં પુષ્પક વિમાનનું વર્ણન છે જે ભૌતિક વિજ્ઞાનની પ્રગતિ દર્શાવે છે. ગણેશપુરાણમાં જળાશયના પાણીથી કોઢ મટયાના અને લિંગ પરિવર્તનના પણ દૃષ્ટાંતો જોવા મળે છે. આવા અનેક ઉદાહરણો છે જે આજે પશ્ચિમવિજ્ઞાનની શોધ છે તે તો વર્ષો પૂર્વ ભારત કરી ચૂક્યુ છે.પરંતુ ઘણા લાંબો સમય ગુલામીની જંજીરોમાં જકડાયેલા રહેવાના કારણે આપણે કુંઠિત થઈ ગયા હતા. આજે પુનઃ આપણી વિરાસત તરફ દૃષ્ટિ કેળવીએ તો અનેક અવનવી શોધો કરવા સામર્થ્યવાન છીએ. પરંતુ આ માટે આપણા શાસ્ત્રોને સમજવાની જરૂર છે. આપણા શાસ્ત્રો સંસ્કૃતમાં રચાયેલા છે. આપણી વિસંગતતા એ છે કે આપણો વિજ્ઞાનનો વિદ્યાર્થી સંસ્કૃત શાસ્ત્રોથી અજાણ છે. સામે પક્ષે સંસ્કૃતના વિદ્યાર્થીને જાણે વિજ્ઞાન સાથે નહાવા નિચોવાનો સંબંધ ન હોય તેમ વર્તે છે. વળી લીપીની અજ્ઞાનતાના પ્રશ્નો પણ ખરા જ. આથી જો આપણા અભ્યાસક્રમની પસંદગીના વિષયોમાં વિજ્ઞાન + સંસ્કૃત સાથે લઈ શકાય તેવી વ્યવસ્થા ગોઠવાય તો આપણા જ્ઞાન ખજાનાના ઉપયોગ થકી અનેક શોધોના વિક્રમો સર્જી શકાય.

વિજ્ઞાનની શોધો માનવીના જીવનને સગવડતાભર્યુ બનાવે છે જયારે સામાજિક વિદ્યાશાખાનું શિક્ષણ માનવીને સંવેદનાપૂર્ણબનાવે છે. જીવાતા જીવનમાં સમરસતા લાવે છે. દા.ત વૈભવી આવાસો પણ પ્રેમાળ કુટુંબથી જ જીવંત બને છે. એટલેકે વિજ્ઞાનશાખા–સમાજવિજ્ઞાનશાખા એકબીજાની પૂરક છે.

શિક્ષણની ત્રીજીવિદ્યાશાખા છે. અધ્યાત્મવિદ્યાશાખા. (જો કે પ્રવર્તમાન શિક્ષણપ્રણાલીમાં આ વિદ્યાશાખાનો લોપ કરવામાં આવ્યો છે.) ઉપરોક્ત બંને વિદ્યાશાખાઓને પાંગરવાનું પરિબળ અધ્યાત્મ વિદ્યાશાખા છે. પ્રેમ, કરુણા, સત્ય, ત્યાગ, ઉદારતા, સમર્પણ , નિર્ભયતા, અહંકારવિહીન જ્ઞાનની તેજસ્વિતા વગેરે દૈવી સંપદાથી યુક્ત પ્રતિભાસંપન્ન વ્યકિતત્વનું નિર્માણ અધ્યાત્મવિદ્યાશાખા વિના શક્ય જ નથી. હું કોણ છું ? ૮૪ લાખ યોનીમાં પરિભ્રમણના અંતે મળેલો માનવદેહ અમૂલ્ય છે. આ દેહનું મુખ્ય કર્તવ્ય શું છે ? આપણી દૃષ્ટિ અને સમજમાં છે તેટલી જ સૃષ્ટિ છે કે એનાથી પણ આગળ કશું છે ? બ્રહમાંડના રહસ્યોનો તાગ મેળવવા કયા પ્રકારની સાધનાની આવશ્યક્તા છે ? જંગલમાં ઝૂંપડીઓમાં રહી, કંદમૂળખાઈ, વલ્કલ પહેરી, ઝાડના વૃક્ષ તળે બેસી આપેલા શિક્ષણના ગુરુઓમાં એવુ કયું

ઓજ–તેજ રહેતુ હતું કે છત્રપતિ સમ્રાટો તેમના ચરણમાં વંદન કરી , તેમની આજ્ઞાપાલનમાં નીજ સૌભાગ્ય અનુભવતા હતા. આ ગુરુકુળોમાંથી શિક્ષણ મેળવેલા વિદ્યાર્થીઓ પણ સમાજમાં વિશિષ્ટ માન સન્માન ધરાવતા હતા. કેટલાક તો ઈતિહાસના પાને અમર થઈ ગયા છે જેમાં દ્રોણાચાર્ય શિષ્ય અર્જુન અને એકલવ્ય,પરશુરામ શિષ્ય ભીષ્મ પિતામહ અને કર્ણ, સાંદિપની શિષ્ય કૃષ્ણ–સુદામા, વશિષ્ઠ મુનિ શિષ્ય રામ–લક્ષ્મણ–ભરત–શત્રુઘ્ન, અષ્ટાવક્ર શિષ્ય – રાજાજનક વગેરે નો સમાવેશ થાય છે. – આ બધા પ્રશ્નોનું ચિંતન–ચિંતા અને તેનો ઉકેલ અધ્યાત્મવિદ્યામાંથી મળી રહે છે.

જપ, તપ, ધ્યાન, અનુષ્ઠાન, યોગ, શાસ્ત્રશ્રવણ, મનન, ચિંતન, નિદિધ્યાસન વગેરે અધ્યાત્મવિદ્યા પ્રાપ્તિના અંગો છે. આપણા સૌ માટે સુલભ, સરળ, અને સર્વ અવસ્થા અને સર્વકાળે સંભવ બની રહે તેવા જપ વિશેની આજે ચર્ચા કરવી છે. અનેક મંત્રોના જપ કરવામાં આવે છે. યંત્ર વિજ્ઞાનની જેમ મંત્ર વિજ્ઞાનનું પણ આગવુ મહત્વ છે. તે માનવના અન્નમય કોશ, મનોમય કોશ, પ્રાણમયકોશ, વિજ્ઞાનમયકોશ, આનંદમયકોશને પ્રભાવિત કરે છે. મંત્ર જપથી મૂલાધારથી બ્રૂહમરંધ્ર સુધીના સાતેય ચક્રો ગતિમાન થાય છે. (પૂજ્ય ગાંધી બાપુએ પણ રામ મંત્રનો આશરો લીધો હતો. રામ મંત્ર તેમણે એટલી હદે આત્મસાત કર્યો હતો કે જયારે તેમણે ત્રણ ગોળી વાગી ત્યારે પ્રત્યેક ગોળી ઝીલતી વખતે પણ હે રામ ! હે રામ ! હે રામ ! ના સ્મરણ સાથે પ્રાણ ત્યાગ કર્યા હતા.)

તેના વિવિધ તરંગો આકાશમાં અત્ર તત્ર ફેલાઈને પણ વિદ્યમાન રહે છે. આ તરંગો વિશેષ બળવાન હોય છે. મહાભારત યુધ્ધ વખતે શ્રી કૃષ્ણે અર્જુનને આપેલો ઉપદેશ કે જે શ્રીમદ્‌ભગવદગીતા તરીકે પ્રસિધ્ધ છે તેના ધ્વનીના તરંગોને સૂક્ષ્મ આકાશમાંથી એકત્ર કરવાનું સંશોધન ચાલી રહયું છે. જો આ શક્ય બનશે તો આપણને ભગવાન શ્રીકૃષ્ણની પ્રત્યક્ષ વાણી સાંભળવાનો લાભ મળશે.સાધુતાના વિચારવાન વ્યક્તિને દિન–પ્રતિદિન અવકાશમાં વિદ્યમાન સાધુતાના સંસ્કારો તેના તરફ આર્કષાતા તેનો લાભ તેને મળે છે. આજ સિધ્ધાંત અનુસાર ગાયત્રીમંત્રના સાધકોને પૂર્વમાં થઈ ગયેલા સાધુ–સંતો–સાધકોની ગાયત્રી સાધનાના પ્રકાશપૂંજનો લાભ સ્વાભાવિક પણે જ પ્રાપ્ત થાય છે. આથી થોડી સાધનાથી જ તે સિધ્ધિને વરે છે. ગાયત્રી મંત્રનો મહિમા વેદ, શાસ્ત્ર, પુરાણ એમ સર્વત્ર જોવા મળે છે.

स्तुता मया वरदा वेदमाता प्रचोदयन्तां पावमानी दिवजानाम्।
आयुः प्राणं प्रजा पशुं कीर्ति द्रविणं बहुमवर्चसम् ॥
अथर्ववेद – १९–१७–१

મારા દ્વારા સ્તુતિ કરવામાં આવેલ, દ્વિજોને પવિત્ર કરવાવાળી વેદમાતા ગાયત્રી આયુ, પ્રાણ, શક્તિ, પશુ, કીર્તિ, ધન, બ્રહ્મ, તેજ તેને પ્રદાન કરે છે.

ગાયત્રી મંત્રનો જપ બ્રાહ્મણો માટે વિશેષરૂપથી આવશ્યક છે, કારણકે બ્રાહમણત્વનો સંપૂર્ણ આધાર સદ્‌બુધ્ધિ પર નિર્ભર છે અને ગાયત્રીમંત્ર સદ્‌બુધ્ધિનો પોષક છે. આપણે સૌ શિક્ષણ સંસ્થામાં જોડાયેલા છીએ આથી આપણે કર્મે બ્રાહ્મણ છીએ. વિવિધ શાસ્ત્રોએ બ્રાહ્મણો માટે ગાયત્રીમંત્રના જપ કરવા વિશેષ અનુરોધ કર્યો છે.

एतया ज्ञातया सर्व वाङ्मयं विदितं भवेत्।
उपासिंत भवेतेन विश्वं भुवन सप्तकम् ॥
याज्ञवल्कय

ગાયત્રીને જાણી લેવાથી સમસ્ત વિદ્યાઓનો જ્ઞાતા થઈ જાય છે અને તેણે કેવળ ગાયત્રીની જ ઉપાસના નથી કરી પરંતુ સાત લોકોની પણ ઉપાસના કરી લીધી છે.

जप्यैनैव तु संसिध्धयेत् ब्राह्मणो मात्र संशयः।
कुर्यादन्यन्नवा कुर्यार्न्मेवो ब्राह्मण उच्यते ॥
मनुस्मृति ९७

બ્રાહ્મણ અન્ય કંઈ કરે કે ન કરે ! પરંતુ તે કેવળ ગાયત્રી જપ થી જ સિધ્ધિ મેળવી શકે છે.

ગાયત્રીને આધ્યાતિમક ત્રેવેણી કહેવામાં આવે છે. અલૌકિક દિવ્ય સરિતાનો આવિર્ભાવ થાય છે જેને સરસ્વતી કહેવામાં આવે છે. અને આ ત્રિવેણીના કારણે પ્રયાગરાજને તીર્થત્વ પ્રાપ્ત થયુ છે.એટલું જ નહીં સર્વ તીર્થોના રાજા માનવામાં આવે છે.ગાયત્રી નામ પણ ગંગા–યમુના–સરસ્વતીનું દ્યોતક છે.

ગા – ગંગા
ય – યમુના
ત્રી– ત્રિવેણી કા અસ્તિત્વ– અર્થાત્ સરસ્વતી.

આ ત્રણ અક્ષરો (૧) સત, ચિત, આનંદ (૨) સત્ય, શિવ, સુંદર, (૩) સત, રજ, તમ (૪) ઈશ્વર, જીવ, પ્રકૃતિ, (૫) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, (૬) ગુણ, કર્મ, સ્વભાવ, (૭) શૈશવ,યૌવન, વૃધાવસ્થા, (૮) ઉત્પતિ, વૃધ્ધિ, પ્રલય, (૯) દેવ, મનુષ્ય, અસુર, (૧૦) બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વગેરે અગણિત ત્રિક ગાયત્રી છન્દના ગર્ભમાં સમ્પુટિત છે. તેનાં ઉંડાણમાં પ્રવેશી મનન, ચિંતન અને પરિશીલન કરવાથી આધિ દૈવિક, આધિ ભૌતિક અને આધ્યાત્મિક લાભ પ્રાપ્ત કરી શકાય છે.

પરમાત્મા એક જ છે, તેની શક્તિ એક છે. પરંતુ જે પ્રકારે પરમાત્મા નિર્ગુણ નિરાકાર પણ છે અને સાકારરૂપે પણ પ્રગટ થાય છે. આજ પ્રમાણે પરમાત્માની શક્તિ ત્રિગુણાત્મક છે. બ્રહમની આદિ શક્તિનું નામ જ ગાયત્રી છે. અધ્યાત્મવિદ્યાના સુક્ષ્મ દર્શનના અભ્યાસુઓ તેને હ્રીં, શ્રીં અને ક્લીં સ્વરૂપે પૂજે છે.

- જયાં હ્રીં – સરસ્વતીરૂપે–અધ્યાત્મપરાયણ–જ્ઞાનપરાયણ સાધક, આધ્યાત્મિક ઉન્નતિ માટે આત્મસાક્ષાત્કાર કરવા, પરમાનંદ અને મુક્તિ માટે તેનો આશ્રય લે છે.
- શ્રીં – અર્થ પરાયણ સાધક સાંસારિક સંપદા અને ઐશ્વર્યની પ્રાપ્તિ માટે તેની ઉપાસના કરે છે.
- ક્લીં – તમોગુણી તાંત્રિક, મોહન, મારણ, ઉચ્ચાટન, વશીકરણ વગેરે અભિચારો માટે ક્લીં તત્વનું પુરશ્ચરણ કરે છે.

અર્થાત હ્રીં – સરસ્વતી સ્વરૂપે, શ્રીં લક્ષ્મી સ્વરૂપે અને ક્લીં દુર્ગા સ્વરૂપે– ત્રિમુખી વેદમાતા ગાયત્રીનો સાધક અભિવાદન કરે છે.

આપણે પણ જ્ઞાન સંપદાથી તેજોમય થવા હ્રીં તત્ત્વની, આપણા સરસ્વતી મંદિરો ભૌતિક સુવિધાથી સુસજ્જ થાય તે માટે શ્રીં તત્વની અને શિક્ષણને અભડાવતા તત્વોના સંહાર માટે ક્લીં તત્વ એમ ત્રિગુણ તત્વ ધારીણી વેદમાતા ગાયત્રીની ઉપાસના કરી તેજોમય વ્યક્તિત્વનું નિર્માણ કરીએ એજ અભ્યર્થના સહ!

તા. ૦૧-૦૪-૨૦૧૯
પાટણ.

ડૉ. અનિલ જે. નાયક
કા. કુલપતિ

# યુનિવર્સિટી ન્યુઝ

## વાર્ષિક સભા

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભા કુલપતિશ્રી ડૉ. અનિલ જે. નાયકના અધ્યક્ષસ્થાને તા. ૨૬–૩–૨૦૧૯ના રોજ મળી હતી.

# કૉલેજ ન્યુઝ

## એન.એસ.એસ.

✲ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુના રાષ્ટ્રીય સેવા યોજનાની ''મહેરવાડા મુકામે યુવાઉત્કર્ષ અને જનજાગૃતિ'' શિબિર તા. ૧૮–૧–૨૦૧૯ થી ૨૪–૧–૨૦૧૯ દરમિયાન યોજવામાં આવી હતી.

✲ મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીના એન.એસ.એસ. વિભાગ દ્વારા કડી તાલુકાના ઊંટવા ગામે તા. ૧૧ થી ૧૭ ફેબ્રુઆરી દરમિયાન વાર્ષિક શિબિર યોજવામાં આવી હતી. જેમાં ગ્રામ સફાઇ, વ્યસનમુક્તિ શેરી, નાટક, હાસ્ય ડાયરો, સાસુ–વહુની ગાઢપ્રેમની ફોન સેલ્ફી, ફી નિદાન, સારવાર કેમ્પ, પ્રા. શાળાના બાળકો વચ્ચે જુદી–જુદી સ્પર્ધાઓનું આયોજન, ચલણી સિક્કા અને નોટ (રૂપિયા)નું પ્રદર્શન સાંસ્કૃતિક કાર્યક્રમ, દહેજના દુષણથી થતી કરૂણતા દર્શાવતું નાટક જેવી વિવિધ પ્રવૃત્તિઓ અને જ્ઞાન સભર વ્યાખ્યાનો રાખવામાં આવ્યા હતાં.

✲ શ્રી એસ.એસ. મહેતા આર્ટ્સ અને એમ.એમ. પટેલ કોમર્સ કોલેજ, હિંમતનગરના એન.એસ.એસ., એન.સી.સી. અને સમગ્ર સ્ટાફ પરિવાર દ્વારા કાશ્મીરના પુલવામાં દેશના સીઆરપીએફના જવાનો ઉપરના આતંકી હુમલામાં થયેલા જવાનોના માનમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## ગાંધીજયંતી

શ્રી એસ.એસ. મહેતા આર્ટ્સ અને એમ.એમ. પટેલ કોમર્સ કોલેજ, હિંમતનગરના એન.એસ.એસ. પરિવાર દ્વારા ''ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી''ની ઉજવણીના ભાગરૂપે ''ગાંધી એક વિચાર'' વિષય ઉપર નિંબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ કુ. આજ્ઞા રાવલ, દ્વિતીય કુ. જનક સોલંકી, તૃતીય ક્રમાંકે કુ. બંસી પટેલ અને કુ. મમતા સોલંકી વિજેતા થયા હતા.

## તાલીમ

વડનગર આર્ટ્સ એન્ડ કોમર્સ ખાતે તા. ૨૫–૧–૨૦૧૯ના રોજ જોબ પ્લેસમેન્ટ અંતર્ગત માસ્ટર ટ્રેઈનર ફીનીશીંગ સ્કૂલના ટ્રેઈનર શ્રી ગૌરવ ઠક્કર દ્વારા તાલીમ આપવામાં આવી હતી. જેમાં ૩૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો.

## મતદાન જાગૃતિ

આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુમાં રાષ્ટ્રીય ચૂંટણી પંચ પ્રેરિત ૨૫મી જાન્યુઆરી રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પ્રાંત ઓફિસરશ્રી ખેરાલુ દિપ્તીબેન પ્રજાપતિ, મામલતદારશ્રી ખેરાલુ કટેરિયા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ક્વીઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

## રમતગમત

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ આંતર કોલેજ સ્પર્ધાઓમાં ક્રિકેટ સ્પર્ધાની ફાયનલ તા. ૧૮ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ યોજવામાં આવી હતી. જેમાં શ્રી જે. એમ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ.એન.પી. કોમર્સ મહિલા કોલેજ, ઊંઝાની ટીમે વિજય મેળવ્યો હતો. સોફ્ટબોલનાં યુનિવર્સિટીમાં બીજો નંબર તેમજ વોલીબોલમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એથ્લેટિક્સ સ્પર્ધામાં પણ ૧૦૦ મીટર હર્ડલ્સમાં સુવર્ણચંદ્રક, ૪૦૦ મીટર હર્ડલ્સમાં રજતચંદ્રક, ઉંચીકૂદમાં રજતચંદ્રક મેળવેલ છે.

## વર્કશોપ

✲ શ્રીમતી આર.આર.એચ. પટેલ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં તા. ૮, ૯ જાન્યુઆરી–૨૦૧૯ના રોજ ''બેઝિક ઇંગ્લિશ'' વર્કશોપ યોજવામાં આવ્યો હતો. એજ્યુકેશન કોલેજના અધ્યાપકશ્રી ડૉ. મહેશભાઇ કે. ચૌધરીએ આજના સમયમાં અંગ્રેજી ભાષાના જ્ઞાનનું મહત્ત્વ સમજાવી તેનો સરળ વ્યવહારિક ઉપયોગ કરવા બાબતે માર્ગદર્શન આવ્યું હતું. આ ઉપરાંત એન.એસ.એસ. યુનિટ દ્વારા તા. ૨૮–૧૨–૨૦૧૮ થી તા. ૩–૧–૨૦૧૯ દરમ્યાન વડનગર તાલુકાના શોભાસણ ગામે શિબિરનું આયોજન કરવામાં આવ્યું. ગ્રામસફાઇ, સ્ત્રીરોગ અને તેના ઉપાયો વિશે ડૉ. દીપકભાઇ પટેલે વ્યાખ્યાન, ડૉ. અમરત વ્યાસ દ્વારા બેટી બચાવો–બેટી પઢાવો–બેટી વધાવોનો કાર્યક્રમ, ડૉ. હેમંત સુથાર (ગાંધીનગર) દ્વારા વન સંરક્ષણ અને પર્યાવરણ જાગૃતિ વિષયક સ્લાઇડ શો દ્વારા નિદર્શન, ડૉ. મહેશ ચૌધરી દ્વારા એન.એસ.એસ. શિબિર અને વ્યક્તિત્વ વિકાસ, શ્રી નટુભાઇ પટેલ રણસીપુર દ્વારા ગાંધી વિચાર સામ્પ્રત સમયમાં, ડૉ. હસમુખ પટેલ દ્વારા પશુપાલન–પશુરોગ તથા તેનું નિવારણ, આયુષ કેન્સર જાગૃતિ, ડૉ. નિશાંત પટેલ દ્વારા યોગ–આયુર્વેદ અને નિસર્ગ ઉપચાર દ્વારા આરોગ્યની જાળવણી, ઉત્તર ગુજરાત વિકલાંગ સંઘ વિસનગર દ્વારા ''વિકલાંગ દિવસની ઉજવણી'', ડૉ. વૈદેહી પંડ્યા તથા ડૉ. બિનલ પટેલ (લૉ–કોલેજ, હિંમતનગર) દ્વારા ''મહિલા કાનૂન અને સ્ત્રી જાગૃતિ'' વિષયક માહિતી તથા ગ્રાહક સુરક્ષા ફોરમ વિસનગર દ્વારા ગ્રાહક જાગૃતિની માહિતી આપવામાં આવી હતી.

## વ્યસનમુક્તિ

✲ શેઠશ્રી બી.સી. શાહ આર્ટ્સ કોલેજ, વડાલી તથા ટોબેકો કન્ટ્રોલ પ્રોગ્રામ, આરોગ્ય શાખા, સા.કાં. જિલ્લા પંચાયત, હિંમતનગરના સંયુક્ત ઉપક્રમે ''તમાકુ મુક્ત ગુજરાત અભિયાન'' અંતર્ગત પરિસંવાદ અને ડ્રામાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડૉ. અરુણસિંહ ભાટીએ તમાકુથી થતાં રોગો તરફ નિર્દેશ કર્યો હતો. ડૉ. શ્રુતિબેન કીકાણીએ વ્યસનમુક્તિથી રાષ્ટ્રપ્રગતિનો નિર્દેશ કર્યો હતો. સાગર અકાદમી, હિંમતનગરના દિગ્દર્શકશ્રી ભરત વ્યાસની ટીમે વ્યસનમુક્તિની નાટકના માધ્યમ દ્વારા રજુઆત કરી હતી.

✲ શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, ઊંઝામાં તા. ૪–૧–૨૦૧૯ના રોજ રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અર્બન હેલ્થ સેન્ટર ઊંઝામાંથી ડૉ. કૃણાલભાઇ, ડૉ.

લૌકિકભાઇએ માર્ગદર્શન આપ્યું હતું. વક્તૃત્વ સ્પર્ધા અને નાટકનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં રાજપુત ઝીલ પ્રથમ, બારોટ રિદ્ધિ દ્વિતીય અને પટેલ રિદ્ધિ તૃતીય નંબરે આવ્યા હતાં.

## વ્યાખ્યાન

✻ સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન કોલેજ મહેસાણામાં તા. ૧૧–૦૨–૨૦૧૯ના રોજ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ શિક્ષણશાસ્ત્ર ભવનના પ્રોફેસર ડૉ. અમૃતભાઇ ભરવાડ દ્વારા ‘શિક્ષક–પ્રશિક્ષણ કાર્યક્રમ સામેના પડકારો’ વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

✻ શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં શ્રી વરૂણભાઇ પટેલે શેરમાર્કેટમાં રોકાણ કરતાં કઇ બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ તે અંગે વ્યાખ્યાન આપ્યું હતું. આ ઉપરાંત મહેસાણા જિલ્લા પોલીસ સુરક્ષા સેતુ સોસાયટી તથા રોટરી કલબ મહેસાણાના સંયુક્ત ઉપક્રમે કોમર્સ કોલેજની ૨૫૦ બહેનોને ‘સેલ્ફ ડિફેન્સ’ની પંદર દિવસની તાલીમ દિપકભાઇએ આપી હતી. વિવેકાનંદ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

✻ તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ શ્રીમતી આર.કે.ડી. ખણુસિયા એમ.એડ્. કોલેજ, પાલનપુર ખાતે અભ્યાસ વર્તુળ, શ્રેણી–એક અંતર્ગત, ચતુર્થ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. સદર વ્યાખ્યાનમાળાનો વિષય શિક્ષણ સંશોધન અભિમુખતા પર રાખવામાં આવ્યો હતો. જેમાં યુ.જી.સી.નેટ, જી.સેટ. તેમજ પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા માટેની તૈયારી કરતા અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

✻ શ્રી યુ.એચ. ચૌધરી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વડગામમાં તા. ૨૩મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ ‘કારકિર્દી માર્ગદર્શન વ્યાખ્યાન’ યોજવામાં આવ્યું હતું. વક્તા તરીકે મોડાસા બી.એડ્. કોલેજ શ્રી વિષ્ણુભાઇ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી વિષ્ણુભાઇ શિક્ષણક્ષેત્રે મોટીવેશન ટ્રેનર તરીકે કામ કરે છે અને અવનવા એજ્યુકેશનલ મોડેલ્સ તૈયાર કરે છે.

✻ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાધનપુરમાં તા. ૧૨–૧–૨૦૧૯ના રોજ વક્તાશ્રી ડૉ. યશોધરભાઇ રાવલે (પિલવાઇ કોલેજ) ગુજરાતી લલિત નિબંધનું સ્વરૂપ અને તેના મુખ્ય સ્થિત્યંતરો વિશે સદષ્ટાંત જણાવ્યું હતું. વધુમાં તેમણે વાર્તાકાર રા.વી. પાઠકની ‘ખેતી’, ‘મુકુંદરાય’, સુંદરમ્‌ની ‘મોજાવેલાનું મૃત્યુ’, ધુમકેતુની ‘પોસ્ટ ઓફિસ વાર્તા’ઓમાં માનવ સંવેદના વિશે રસપૂર્વક જણાવ્યું હતું.

✻ ‘‘હિંમત વિદ્યાનગર’’ સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર તા. ૧૯–૧–૨૦૧૯ના રોજ વક્તા શ્રીમતી સુલભાબેન "English in 21st Century" વિષય પર અંગ્રેજી વિષયનું એકવીસમી સદીમાં સ્થાન, પ્રદાન અને મહત્ત્વનું તલસ્પર્શી વ્યાખ્યાન આપ્યું હતું.

✻ કોલેજ તા. ૨૯–૧–૨૦૧૯ના ભગિની સમાજ પાટણ દ્વારા આયોજીત રેડ રિબિન કલબ અંતગૃત એઇડ્સ જાગૃતિ અંગેનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેમાં ભગિની સમાજ પાટણથી મનિષાબેન ઠક્કર, મીનાબેન પટેલ તથા રસીકભાઇ રાવલ તથા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રાયચંદભાઇ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતાં.

✻ ‘‘હિંમત વિદ્યાનગર’’ સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ, રાધનપુર તા. ૩૦–૧–૨૦૧૯ના રોજ રોજગારલક્ષી આવડતમાં વધારો થાય તે માટે લેક્ચર સીરીઝનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં બેઝીક અંગ્રેજી, રીડીંગ સ્કીલ, સી.વી. રાઇટીંગ, પોઝીટીવ એટીટ્યુડ, ઇન્ટર પર્સનલ સ્કીલ વગેરે વિષયો પર તજજ્ઞો દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

✻ તા. ૧–૨–૨૦૧૯ના રોજ અભિવ્યક્તિ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

✻ મોટીવેશનલ સ્પીકર શ્રી સંજયભાઇ રાવલનું તા. ૪–૨–૨૦૧૯ના રોજ ‘ભય મુક્ત જીવન’ વિશે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં તેઓએ ભય મુક્ત જીવન, વર્તમાન શિક્ષણની પરિસ્થિતિ, રાજકીય સ્થિતિ, માનવ મૂલ્યો, ધર્મના નામે થતાં ખોટા અર્થ ઘટનો, સામાજીક રૂઢિચુસ્તતા, બિનજરૂરી સામાજીક બંધનો જેવી બાબતો અને શિક્ષણ અને સામાજીક નવરચના માટે પોતાના વિચારો પ્રગટ કર્યા હતાં.

✻ એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડી તથા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના બોર્ડ ઓફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ અંતર્ગત તા. ૭–૨–૨૦૧૯ના રોજ એક દિવસીય વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજ્યનો વિકાસ સમસ્યા અને ઉકેલ એ વિષય પર એચ.કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદના પ્રિ. ડૉ. શ્રી હેમંતકુમાર શાહે વક્તવ્ય આપ્યું હતું.

✻ શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા દ્વારા તા. ૧૯–૧–૨૦૧૯ તથા તા. ૨૦–૧–૨૦૧૯ના ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ, અમદાવાદ દ્વારા અનુદાનિત બે–દિવસીય ‘‘ફાર્માસીસ્ટ રીફ્રેશર કોર્ષ’’નું આયોજન કરવામાં આવ્યું. જેમાં શ્રી મેકવાન (રજીસ્ટાર ઓફ ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સીલ, અમદાવાદ) તથા વક્તાઓ દ્વારા ઇલેક્ટ્રોનિક પ્રિસ્કીપ્શન અને હેન્ડલીંગ, સેલ્ફ મેડીકેશન અને એરર, નોવેલ ડ્રગ ડીલીવરી સીસ્ટમ જેવા મુખ્ય મુદ્દાઓ પર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

## વિવેકાનંદ જન્મજયંતી

✻ સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, ઊંઝામાં તા. ૧૨–૧–૨૦૧૯ના રોજ સ્વામી વિવેકાનંદ જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી.

✻ કોમર્સ કોલેજ, વડગામમાં તા. ૧૨મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ સ્વામી વિવેકાનંદની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્વામીજીના જીવન અને વિચારો પર અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

## શ્રદ્ધાંજલિ

શ્રી યુ.એચ. ચૌધરી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વડગામમાં તા. ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ ‘પૂલવામા’માં થયેલા ત્રાસવાદી હુમલામાં શહીદ થયેલ વીર જવાનોને શ્રદ્ધાંજલિ આપતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## શિબિર

✲ આર્ટ્સ કોલેજ, સતલાસણા અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯-૨૦-૨૧ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ વક્તૃત્વ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિ. ડૉ. સુરેશભાઇ ચૌધરીએ વક્તૃત્વકળા વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

✲ ગાંધી નિર્વાણ દિને મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી ઉજવણી અંતર્ગત Impact of Gandhian Philosophy on life and literature વિષય પર રાષ્ટ્રીય સેમિનારનું આયોજન જાણીતા રાજકીય વિષ્લેષક પત્રકાર અને વરીષ્ઠ ઇતિહાસકાર ડૉ. હરિ દેસાઇ, વરીષ્ઠ પત્રકાર અને રાજકીય વિશ્લેષક કિશોર મકવાણા, સંસ્થાના પ્રમુખશ્રી બચુભાઇ શાહ અને મંત્રીશ્રી ડૉ. નટુભાઇ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. હરિ દેસાઇએ ગાંધી સમકાલીન સમયમાં કેટલા પ્રસ્તુત ? કિશોર મકવાણાએ ગાંધીની ફિલસૂફીની સાંપ્રત સમયમાં યથાર્થતા, ડૉ. જયેશ બારોટે ગાંધીજીના સત્ય અને યુધિષ્ઠિરના સત્ય વચ્ચેનો ભેદ, અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. રાકેશ જોષીએ ગાંધીના જીવન અને ફિલસૂફીની સાહિત્ય અને આધુનિક માનવજીવન પર અસર વગેરે વિષયો ઉપર વક્તવ્યો આપ્યા હતા.

## સાહિત્યગોષ્ઠિ

✲ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુરમાં તા. ૨૧-૨-૨૦૧૯ના રોજ ''માતૃભાષા ગૌરવદિન''ની ઉજવણી કરવામાં આવી. ડૉ. એમ.એચ. કટરીયા, ડૉ. બી.વી. પટેલે ગુજરાતી ભાષાના મહત્ત્વને સમજાવ્યું હતું.

તા. ૧૮-૨-૨૦૧૯ના રોજ ''કાવ્યોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું.

તા. ૨૫-૧-૨૦૧૯ના રોજ કોમ્યુનિકેશન અને ઇન્ટરવ્યુ સ્કીલ અંગે તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ટ્રેનર તરીકે શ્રી ગૌરવ ઠક્કર ઉપસ્થિત રહ્યા. તેમણે વિદ્યાર્થિનીઓને ખાનગી અને સરકારી કચેરીઓમાં ઇન્ટરવ્યુ આપતી વખતે કઇ કઇ બાબતોનું ધ્યાન રાખવું તે સદ્રષ્ટાંત સમજાવ્યું હતું.

તા. ૩૦-૧-૨૦૧૯ના દિવસે ''સીવી રાઇટીંગ'' વિષયનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. એસ.એમ. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ કોમર્સ, અમદાવાદના અધ્યાપકશ્રી ડૉ. કેયુર વ્હોરાએ આજના સ્પર્ધાત્મક સમયમાં સીવી રાઇટીંગનું મહત્ત્વ સમજાવ્યું હતું.

તા. ૧-૨-૨૦૧૯ને શુક્રવારના રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦મીટર દોડ, લાંબીકૂદ, ગોળાફેંક, ચક્રફેંક, બરછીફેંક જેવી વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦મીટર દોડમાં પ્રથમ ક્રમે રાઠોડ હેતલબેન જે., દ્વિતીય ક્રમે ચૌહાણ કિંજલબેન જે. તથા તૃતીય ક્રમે પટેલ પ્રિન્સીબેન એચ. રહ્યા હતા. લાંબીકૂદમાં પ્રથમ ક્રમે દેસાઇ રોશનીબેન આર., દ્વિતીય ક્રમે રાઠોડ હેતલબેન જે. તથા તૃતીય ક્રમે રાઠોડ નિલમબેન એ. રહ્યા હતા. બરછી ફેંકમાં પ્રથમ ક્રમે રાઠોડ નિલમબેન એ., દ્વિતીય ક્રમે રાઠોડ નિતાબેન એ. તથા તૃતીય ક્રમે પટેલ પ્રિન્સીબેન એચ. રહ્યા હતા. ગોળાફેંકમાં પ્રથમ ક્રમે પટેલ પ્રિન્સીબેન એચ., દ્વિતીય ક્રમે દેસાઇ રોશનીબેન આર. તથા તૃતીય ક્રમે રાઠોડ જુગાબેન કે. રહ્યા હતા. ચક્રફેંકમાં પ્રથમ ક્રમે રાઠોડ નિલમબેન એ., દ્વિતીય ક્રમે પટેલ પ્રિન્સીબેન એચ. તથા તૃતીય ક્રમે પટેલ આચલબેન પી. રહ્યા હતાં.

ભારત સરકાર, યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલયના નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, મહેસાણા ના સહયોગથી નિઃશુલ્ક સિવણ તાલીમ વર્ગનો ત્રિમાસિક તાલીમ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો અને ત્રિમાસિક સિવણ વર્ગના પ્રમાણપત્રો એનાયત કર્યા હતાં.

તા. ૩૧-૧-૨૦૧૯ના રોજ ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે સીંધી રોશની, દ્વિતીય ક્રમે પઠાણ મુસ્કાન તેમજ તૃતીય ક્રમે બારોટ શિવાની વિજેતા રહ્યા હતા.

## સાંસ્કૃતિક કાર્યક્રમ

✲ શ્રીમતી એસ.એમ. પંચાલ સાયન્સ કોલેજે, તલોદમાં તા. ૫-૨-૨૦૧૯ના રોજ વાર્ષિકોત્સવ ''સ્પંદન-૨૦૧૯'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા માઇમ, ગરબા, દેશભક્તિ ગીતો, નાટકો તેમજ તેના પ્રેરણાસૂચક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

✲ એમ.એ. પરીખ ફાઇન આર્ટ્સ એન્ડ આર્ટ્સ કોલેજ પાલનપુરમાં ચિત્રકાર અમૃત વાણ અને પ્રેમ રાવલની યાદમાં બનાસકાંઠા જિલ્લાકક્ષાનો ચિત્રકળા મહોત્સવ તા. ૩-૨-૨૦૧૯ના રોજ યોજવામાં આવ્યો હતો. આ ચિત્ર મહોત્સવમાં બનાસકાંઠા જિલ્લા અને પાલનપુરની વિવિધ શાળા-કોલેજોના ૭૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને પર્યાવરણ, સ્વચ્છતા, મારી કલ્પના જેવા વિષયો ઉપર ચિત્રોનું સર્જન કર્યું હતું. સદર કોલેજ દ્વારા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સંયુક્ત ઉપક્રમે તા. ૧-૨-૩ ફેબ્રુઆરી, ૨૦૧૯ દરમિયાન યુનિવર્સિટી કક્ષાની સંગીત શિબિર યોજવામાં આવી હતી.

✲ લૉ કોલેજ, હિંમતનગર દ્વારા શ્રી એસ.એમ. શાહ લૉ કોલેજ, મહેસાણા ખાતે તા. ૪-૨-૨૦૧૯ના રોજ યોજાયેલ ઇન્ટર કોલેજ મુટકોર્ટ કોમ્પીટીશનમાં ભાગ લેવામાં આવેલ. જેમાં વૈશાલી રાજને 'બેસ્ટ લેડી એડવોકેટ'નો એવોર્ડ મેળવેલ છે. તા. ૫-૨-૨૦૧૯ના રોજ સાબરકાંઠા જિલ્લા ટ્રાફિક પોલીસ તેમજ વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી (આર.ટી.ઓ.) હિંમતનગરના સહયોગથી બેરણા ગામ ખાતે યોજાયેલ માર્ગ સલામતી સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત કોલેજના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ માર્ગ સલામતી અને ટ્રાફિકના નિયમોના પાલનનો સંદેશ આપતું નાટક રજૂ કરેલ.

✲ રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે તા. ૪-૨-૨૦૧૯ના રોજ સાબરકાંઠા જિલ્લા ટ્રાફિક પોલીસ વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી (આર.ટી.ઓ.) હિંમતનગર સાથે કોલેજના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ તથા સ્ટા મિત્રોએ રેલીમાં ભાગ લીધો હતો.

✲ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાધનપુરના 'ટેલેન્ટ-જોશીલે' અને વાર્ષિકોત્સવ-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં

લોકનૃત્ય, આધુનિક ગૃપ ડાન્સ, માઇમ, નુક્કડ, એકપાત્રીય અભિનય, નાટક અને વિવિધ પ્રકારના ગીતો પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. બેટી બચાવો, સ્વચ્છ ભારત અભિયાન, ભ્રષ્ટાચાર નાબુદી, મહિલા સશક્તિકરણ, રાષ્ટ્રભક્તિ જેવી થીમ પર કલાત્મક રજૂઆત કરવામાં આવી હતી. તા. ૪-૦૧-૨૦૧૯ના રોજ વિદ્યાર્થિની માધવી જગદીશચંદ્ર ઠક્કર જે શારીરિક રીતે અશક્ત હોવાથી તેના કાકાશ્રી રમેશચંદ્ર ડાયાલાલ ઠક્કર દરરોજ વારાહીથી કોલેજ સુધી લઇને આવે છે અને કોલેજ પૂરી થયા બાદ લઇને ઘેર વારાહી જાય છે. છેલ્લા બે વર્ષથી વાલીની સેવા બદલ વિદ્યાર્થિની માધવી અને તેના કાકાશ્રી રમેશભાઇની શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા ધ્યાનમાં રાખી પાટણ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રીમતી શોભાબેન ભુતડા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. તા. ૧૯-૧-૨૦૧૯ના રોજ પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૯-૧-૨૦૧૯ના માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીનો પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તા. ૮-૨-૨૦૧૯ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની મીટીંગ રાખવામાં આવી હતી.

❊ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુમાં વાર્ષિકોત્સવ સમારોહ ઉજવવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક, સાંસ્કૃતિક, રમત-ગમત, એન.સી.સી., એન.એસ.એસ. તથા કોલેજ કક્ષાની વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવી હતી.

❊ શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, ઊંઝામાં તા. ૧૬-૨-૨૦૧૯ના રોજ વાર્ષિકોત્સવ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વાગત ગીત, દેશભક્તિ ગીત, એકપાત્રીય અભિનય તથા નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભના મુખ્ય વક્તા કાનજીભાઇ વી. પટેલ (ચેરમેન શાંતિનિકેતન શિક્ષણ સંકુલ, પાટણ) શિક્ષણ જગતમાં શિક્ષકને ઉજાગર કરનારી બાબતે પ્રવચન આપ્યું હતું.

❊ શ્રી શામળાજી હોમીયોપેથીક મેડીકલ કોલેજ તથા શ્રી ઘંટાકર્ણ મહાવીર ફિજીયોથેરાપી કોલેજ તથા શામળાજી સ્કૂલ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યૂટર એપ્લીકેશન કોલેજ દ્વારા તા. ૩૧-૧-૨૦૧૯ના રોજ વાર્ષિક દિનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે તારક મહેતાના ઉલટા ચશ્માના કલાકાર બાઘો (તનમ્ય વિકેરીયા) અને બાવરી (મોનિકા ભાદોરીયા) ઉપસ્થિત રહ્યા હતાં. ટ્રસ્ટના વાઇસ પ્રેસિડન્ટ ડૉ. વિશાલભાઇ સોની તથા હોમીયોપેથીક કોલેજના આચાર્ય શ્રી ડૉ. જી.વી. ચિત્રવંશી તથા ફિજીયોથેરાપી કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ.આપ્યનાર પ્રસંગોચિત પ્રવચનો આપ્યા હતાં. આ પ્રસંગે ડાન્સ, નાટક, ગરબા ફિલ્મીતો, નૃત્ય વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય, ઊંઝામાં તા. ૨૯-૧-૨૦૧૯ના રોજ જન્મોત્સવની ઉજવણી સંદર્ભે અતિથિ વિશેષ તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના આસી. રજીસ્ટ્રાર ડૉ. જગદીશભાઇ પ્રજાપતિ તથા શ્રી સુભાષભાઇ એમ. વણકર (પ્રિન્સીપાલ ચોરીવાડ પ્રા. શાળા) ઉપસ્થિત રહ્યા હતા. યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

❊ આર્ટ્સ કોલેજ, વડાલીમાં વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે યશ્વી ચૌધરી, બીજા ક્રમે કાજલ પટેલ તથા ત્રીજા ક્રમે વિણા ડામોર તથા વિધિ ભાનુશાળી આવ્યા હતા.

તા. ૩૧-૧-૨૦૧૯ના રોજ ‘‘સ્પોર્ટ્સ ડે’’નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કબડ્ડી, ખો-ખો, ખેલકૂદ, રસ્સાખેચ, કોથળા દોડ, લીંબુચમચી જેવી રમતોની સ્પર્ધા રાખવામાં આવી હતી.

❊ મહિલા કોલેજ, ઊંઝામાં રંગોળી, વાનગી, હેર સ્ટાઇલ, ચિત્ર સ્પર્ધા, કોલાજ અને મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

❊ તા. ૨૨-૧-૨૦૧૯ના રોજ પી.કે. કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણના સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર, પાટણની મુલાકાત લીધી. વિદ્યાર્થીઓએ હસ્તપ્રતો, તાડપત્રો, પ્રાચીન લેખનકલાના સાધનોની જાણકારી પ્રાપ્ત કરી. તેમજ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના વિવિધ ગ્રંથોની માહિતી તેમજ સંસ્કૃત વિષયમાં સંશોધનની આવશ્યકતા અને તકો વિશે જાણકારી મેળવી હતી.

❊ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ‘સ્વામી વિવેકાનંદ જયંતી’ નિમિત્તે આયોજીત ‘યુવા પ્રતિભા ઉત્સવ’માં આર્ટ્સ કોલેજ પાટણના વિદ્યાર્થીઓ સુગમ સંગીતમાં નાયક મોહનીશ આર. પ્રથમ ક્રમે અને મકવાણા રીંકલ એન. દ્વિતીય ક્રમે, નૃત્યમાં રાજપૂત શ્વેતાબા ડી. પ્રથમ ક્રમે, વક્તૃત્વમાં રાજપૂત શ્વેતાબા ડી. પ્રથમ ક્રમે, ડીબેટમાં રાજપૂત શ્વેતાબા ડી. અને મકવાણા રીંકલ એન. દ્વિતીય ક્રમે તેમજ ચિત્રમાં ઠાકોર ભેરૂભાઇ પથુભાઇ પ્રથમ ક્રમે, રંગોળીમાં ઠાકોર નરેશજી સી. પ્રથમ ક્રમે તેમજ આર્ટ એન્ડ ક્રાફ્ટમાં ઠાકોર નરેશજી સી. દ્વિતીય ક્રમે વિજેતા થયેલા છે.

❊ તા. ૭-૧-૨૦૧૯ થી તા. ૧૨-૧-૨૦૧૯ દરમ્યાન શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝામાં ચોકલેટ ડે, બ્લેક એન્ડ વાઇટ ડે, મિલ ડે, ટ્રેડીશનલ ડે, સિગ્નેચર ડે, ક્લિનિંગ ડે અને પતંગોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું.

શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેમાં અમરનાથ, મહુડી અને ઋષિવનની મુલાકાત લેવામાં આવી હતી.

❊ વડનગર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં સલાડ ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે પઠાણ સાનિયાબાનુ જી. અને ઠાકોર માયા, બીજા ક્રમે ઠાકોર રાકેશ અને ઠાકોર અક્ષય અને ત્રીજા ક્રમે પંડ્યા નિકિતા અને જોષી નિધિ આવેલા છે.

❊ શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજ, પાટણમાં તા. ૮-૧-૨૦૧૯ના રોજ કાવ્ય પઠન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં લોકગીત, દેશભક્તિ ગીત, ભજન, કવિતા વાચન, ફિલ્મી ગીતો રજુ કરવામાં આવ્યા હતાં. જેમાં જોશી પુજા પી. પ્રથમ ક્રમાંગ, વાઘરી લાલાભાઇ દશરથભાઇએ દ્વિતીય ક્રમાંક તેમજ પંચાલ પુજા એચ. અને દેસાઇ દશરથભાઇ આર. તૃતિય ક્રમાંક મેળવ્યો હતો.

❊ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, વડગામમાં તા. ૧–૧–૨૦૧૯ થી તા. ૭–૧–૨૦૧૯ દરમિયાન વિવિધ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મહેંદી, રંગોલી, કેશગુંથન જેવી સ્પર્ધાઓ અને ''ટ્રેડિશનલ ડે', સિગ્નેચર ડે, સ્નેક ડે, સ્પોર્ટ્સ ડે, ટેલેન્ટ ડેની ઉજવણી અંતર્ગત ગોળા ફેંક, રસ્સા ખેંચ, દોડ, સંગીત ખુરશી અને લીંબુચમચી, એકપાત્રિય અભિનય, ડાન્સ, ગીત–ગઝલ અને મીમીક્રીના કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

❊ આર્ટ્સ અને કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મા ખાતે તા. ૧–૧–૨૦૧૯ના રોજ બાય બાય–૨૦૧૮ અને વેલકમ–૨૦૧૯નો ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાટકો (સ્વયંવર, અંધશ્રધ્ધા) ડાન્સ, લોકગીત, લોકનૃત્ય, સમુહગીત, એક પાત્રીય અભિનય વગેરે કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

❊ મહિલા આર્ટ્સ કોલેજ, વિજાપુર દ્વારા વિદ્યાર્થિનીઓના હીતમાં બ્યુટી એન્ડ હેર ટ્રીટમેન્ટ માટેની ત્રિમાસીક તાલીમ (તા. ૫–૧૨–૧૮ થી તા. ૨૦–૨–૧૯)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં થ્રેડીંગ, વેક્સીંગ, સ્કીન ટ્રીટમેન્ટ, હેર કટીંગ, હેર ટ્રીટમેન્ટ, વિવિ મસાજ, મેનીક્યોર, પેડીક્યોર, હેર સ્ટાઇલ્સ, મેકઅપ તથા બ્રાઇડલ મેકઅપની થીયરી તથા પ્રેક્ટીકલ શીખવવામાં આવ્યા હતાં. એચ.ડી. મેકઅપ તથા થ્રીડી મેકઅપના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સેમિનાર

સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન કોલેજ, મહેસાણામાં તા. ૫–૧–૨૦૧૯ના રોજ સીટી.ઈ. અને ભાભા નેશનલ રીસર્ચ એકેડેમી તથા સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન કોલેજના સંયુક્ત ઉપક્રમે ઇનોવેટીવ પ્રેક્ટીસ ઇન એજ્યુકેશન એન્ડ રીસર્ચ વિષય પર રાષ્ટ્રીય કક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ વાઇસ ચાન્સેલર ડૉ. જે.એચ. પંચોલી, વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.ના પૂર્વ વાઇસ ચાન્સેલર શ્રી પ્રો. ડૉ. આર.જી. કોઠારી ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે પોસ્ટર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ડૉ. ચંદ્રમૌલી જોશી દ્વારા ગણિત અને વિજ્ઞાન વિષય સંદર્ભે એક ટોક–શો યોજવામાં આવ્યો હતો. પોસ્ટર પ્રેજન્ટેશન અને પેપર પ્રેજન્ટેશન કરવામાં આવ્યા હતાં.

## સ્પર્ધા

શ્રી વી.આર. પટેલ કોલેજ ઓફ કોમર્સ, મહેસાણામાં ચાણક્ય એકેડેમીક દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાનું સપ્તાહ ઉજવવામાં આવ્યું હતું. તેમાં મહેશભાઇ પટેલે માર્ગદર્શન આપ્યું હતું. જેમાં પ્રથમ નંબરે પટેલ આશા, દ્વિતીય નંબરે પટેલ સંકેત અને તૃતીય ક્રમે પટેલ કાજલ રહ્યા હતા.

આ ઉપરાંત તા. ૨૬મી જાન્યુઆરીના દિવસ ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળ અને વાલીમંડળની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા ૫૫માં વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ડાન્સ, ગીત, ગરબા રજૂ કર્યા હતા.

# વિદ્યાર્થી વિશેષ

થિયોડોર હોપનું નામ જેની સાથે સંકળાયેલું છે તે 'હોપ વાચનમાળા'એ ગુજરાતી ભાષાની અમૂલ્ય સેવા કરી છે. સરકારે ભારતના લોકોને શિક્ષણ અંગ્રેજીમાં આપવું કે માતૃભાષામાં એ સવાલ ૧૯મી સદીમાં ચર્ચાતો હતો, ત્યારે મુંબઇના અંગ્રેજ ગવર્નર સર માલ્કમે શિક્ષણ માતૃભાષામાં જ આપવાની વાત મક્કમતાપૂર્વક રજૂ કરી હતી. પરિણામે માતૃભાષામાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનું કામ ઉપાડવામાં આવ્યું. ગુજરાતી પુસ્તકો તૈયાર કરવાનું કામ પણ મરાઠી શાસ્ત્રીઓને સોંપવામાં આવ્યું, તેથી તેની ભાષા મરાઠી વ્યાકરણ મુજબની રહી. ત્યારે મહીપતરામ રૂપરામે તેને વિશે જબરો અસંતોષ વ્યક્ત કરેલો.

ત્યારબાદ સરકારના અંગ્રેજ કેળવણી નિરીક્ષક થિયોડોર હોપને ગુજરાતી પાઠ્યપુસ્તકો નવેસર તૈયાર કરવાનું કામ સોંપાયું. તેમણે મરાઠી પરથી અનુવાદ કરવાને બદલે ગુજરાતીમાં જ સ્વતંત્ર વાચનમાળા તૈયાર કરાવી. પાઠોમાં તેમણે ગુજરાતી વાતાવરણ ઊભું કર્યું. જેથી બાળકોને પોતાના સમાજના રીતરિવાજ, આચાર, વ્યવહાર વગેરેનું જ્ઞાન મળી રહે. એ વાચનમાળાનો કવિતા વિભાગ કવિ દલપતરામની ખાસ મદદ માગીને તૈયાર કરાવવામાં આવ્યો. ૧૮૬૦માં પ્રથમ પ્રગટ થયેલી એ હોપ વાચનમાળાએ પૂરાં છેંતાલીસ વર્ષ સુધી ગુજરાતનાં બાળકોનું સંસ્કાર ઘડતર કર્યું. હિંદ સરકારે નીમેલી પાઠ્યપુસ્તક સુધારણા સમિતિએ તેનાં ખૂબ વખાણ કર્યાં અને સૂચવ્યું કે બીજા પ્રાંતોની ભાષાઓમાં પણ હોપ વાચનમાળાનો આદર્શ રાખીને કામ કરવું. ત્યાં સુધી નાગરી લિપિમાં છપાતી વાચનમાળાને ગુજરાતી લિપિમાં જ છાપવાનો આગ્રહ અંગ્રેજ અમલદાર હોપ સાહેબે રાખ્યો. તે કાળે પણ જોડણીમાં અવ્યવસ્થા ચાલતી હતી, તેમાં વ્યવસ્થા લાવવા સમિતિના સભ્યો સાથે મળીને એમણે જોડણીના નિયમો ઘડી કાઢ્યા.

હોપ સાહેબની આવી સેવાઓના મીઠા સ્મરણરૂપે સુરતમાં તાપી નદી પરનો હોપ પુલ આજે પણ ઊભો છે.

- મૂળશંકર પ્રા. ભટ્ટ
('વિશ્વપ્રસિદ્ધ વ્યક્તિ–કોશ' પુસ્તક)

જાપાનની શહેર–પરાંની લોકલ ટ્રેનોમાં ભીડ તો આપણે ત્યાં થાય છે એના જેવી જ; પણ લોકો ઘણા તાલીમબદ્ધ. ગાડી આવે ત્યારે તેમાં ચડનારા હારબંધ ઊભા હોય પ્લેટફોર્મ પર. ઊતરનારા ઊતરી જાય પછી નવા મુસાફર ચડે, દરવાજો બંધ થાય પછી જ ગાડી ઊપડી શકે, એવી યાંત્રિક ગોઠવણી.

સાકાઇથી ઓસાકા જવા હું લોકલમાં ચડ્યો. ડબ્બામાં છત પરથી લટકતાં કડાં પકડીને ૨૫–30 જણ ઊભા હતા. એક બેઠક ખાલી પડેલી હતી. ''કોઇ કેમ બેસતું નથી ?'' મેં સાથેના મિત્રને પૂછ્યું. તેમણે સમજાવ્યું કે, ''જેટલા ઊભા છે તે સૌને બેસવું તો છે; પણ ખાલી બેઠક એક જ છે તેથી બધા એમ વિચાર કરે છે કે, બેઠક મને નહીં–કોઇ બીજાને મળવી જોઇએ. માટે સૌ ઊભા છે.''

બીજાને સગવડ પહેલી મળવી જોઇએ. એ ભાવના માત્ર રેલગાડીમાં જ નહીં પણ જીવનના બીજા ઘણા વ્યવહારોમાં જાપાની લોકોમાં મેં જોઇ.

- મોહન પરીખ
('મિલાપ' માસિક : ૧૯૬૨)
(સાભાર : વાચન યાત્રાનો પ્રસાદ)

# ગ્રંથદર્શન



शीर्षक : श्रीरामकीर्तिमहाकाव्यम्
लेखक : डॉ. सत्यव्रत शास्त्री
अनुवादक : डॉ. मधुसूदन म. व्यास
प्रकाशक : श्रीमती ईला एम. व्यास, मोडासा, २०१३
पृष्ठ : ३२०;
मूल्य : रु. २५०-००

વિશ્વની પ્રાચિન સંસ્કૃતિઓ રોમ, મિશ્ર વગેરે પૈકીની એક ભારતીય સંસ્કૃતિ છે. ભારતીય સંસ્કૃતિના મુળ ઘણાં ઊંડા છે. અફઘાનિસ્તાન, એશિયા, આફ્રિકા વગેરે વિશ્વના ઘણાં બધા દેશોમાં ભારતીય સંસ્કૃતિના અસ્તિત્વના અસ્તિત્વને પૂરવાર કરતા દસ્તાવેજો પ્રાપ્ત થાય છે.

જે તે રાષ્ટ્રના ઘણાં બધા ગ્રંથોમાં ભારતીય-હિંદુ ધર્મગ્રંથોના પાત્રો, કથાવસ્તુ, નગરોના વર્ણનોમાં સામ્યતા જોવા મળે છે. ભારતના વિવિધ પ્રદેશો, ધર્મોને પણ આ બાબત એટલી જ લાગુ પડે છે. દા.ત. હિંદુ સંસ્કૃતિના બે મહાકાવ્યો રામાયણ અને મહાભારત છે. મૂળ રામાયણ તો ખરું જ પરંતુ તેમાં જે તે પ્રદેશ, ધર્મના સિધ્ધાંતો અનુસાર થોડા ઘણા ફેરફાર સાથે તેને નવું નામકરણ આપવામાં આવે છે. દા.ત. જૈન રામાયણ, આનંદ રામાયણ વગેરે. આજ રીતે થાઈલેન્ડમાં પણ રામ અને રામાયણનો ભારે મહિમા છે. જેને ''रामकीर्ति महाकाव्य'' તરીકે ડૉ. સત્યવ્રત શાસ્ત્રીએ તેની સંસ્કૃતમાં રચના કરી છે. મૂલતઃ તેની થાઇ કૃતિ પદ્યમાં કહેવાયેલી છે. તે ''થાઇ રામકિયન'' નામે પ્રસિધ્ધ છે અને રામકથાનો ૨૫ સર્ગમાં રચાયેલો એક દળદાર ગ્રંથ છે. ''श्री रामकीर्ति महाकाव्य''- ગ્રંથનો અંગ્રેજી ભાષામાં અનુવાદ દિલ્હી વિશ્વ વિદ્યાલયના હિન્દુ વિદ્યાલયમાં સંસ્કૃતના પ્રાધ્યાપક ડૉ. જિયલાલ કમ્બોજે કર્યો છે જ્યારે થાઇ ભાષામાં અનુવાદ બેંકોક સ્થિત શિલ્પાકોર્ન વિશ્વ વિદ્યાલયના પ્રાચ્ય ભાષા વિભાગ સંસ્કૃતના પ્રાધ્યાપક ડૉ. ચર્મલૌઙ્ સરપદ્રુકે કર્યો છે. જ્યારે ગુજરાતી ભાષામાં અનુવાદ આપણી જ યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ કોલેજ, શામળાજીના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. મધુસુદન વ્યાસ દ્વારા કરવામાં આવેલ છે. થાઇદેશના રાજકુમારી મહાચક્રી સિરિન્થોર્ન સંસ્કૃત ભાષાની વિદુષી છે. ઘણાં વર્ષો સુધી તેણીએ સંસ્કૃત વાઙ્મયનું પરિશીલન કર્યું છે. સદર ગ્રંથની પ્રસ્તાવના તેમણે લખી છે. અત્રે વિશેષ બાબત એ બની રહે છે કે રાજકુમારીના પૂર્વજોએ પોતાની થાઇભાષામાં શ્રીરામકથાની રચના કરેલ છે.

સદર ગ્રંથમાં કુલ ૨૫ સર્ગ છે. જેમાં રામાયણના વિવિધ કથા પ્રસંગોના વર્ણનો છે. જેનો ચર્તુથ સર્ગ नन्दकोपाख्यानम् । रावणस्य पूर्वजन्मवृत्तान्तः છે. જેમાં જણાવ્યા પ્રમાણે રાવણ પૂર્વજન્મમાં દેવયોનીમાં નંદક નામે હતો. તે શિવભક્ત હતો અને કૈલાસ પર્વત ઉપર રહેતો. શિવના દર્શને આવતા દેવોની સેવા કરતો. (સર્ગ-૩માં श्रीरामजन्मोपाख्यानम् - पूर्वयीठिका માં જણાવ્યા પ્રમાણે દશરથ રાજાના પુત્રેષ્ઠિ યજ્ઞમાં અગ્નિકુંડમાંથી દૈદીપ્યમાન પુરુષ હાથમાં અન્નપિંડો લઈને પ્રગટ થયા હતા. આ વખતે દક્ષિણ દિશામાંથી કોઇ આવીને અર્ધાપિંડને લઈને ઉડી ગયું હતું.

આ પીંડોની સુવાસ ચારે બાજુ ફેલાયેલી હતી. તેનાથી આર્કષિત થઇ મંદોદરીએ આ પીંડોની માંગણી 'રાવણ' પાસે કરી. રાવણે 'કાકના' નામની રાક્ષસીને પીંડો લાવવા આજ્ઞા કરી. આ પીંડો ખાઇને મંદોદરી ગર્ભવતી બનતાં તેણે એક વિલક્ષણ કન્યાને જન્મ આપ્યો. તેણે જન્મતાં વેંત જ ''રાવણને મારી નાખો'' આમ ત્રણવાર ઉચ્ચારણ કર્યું. જ્યોતિષીઓએ ભવિષ્ય ભાખ્યુ આ કન્યાથી દશાનનના કુળનો અને લંકાનો વિધ્વંશ થશે. આથી તેને ઘડામાં મૂકી ઘડાને નદીમાં પધરાવ્યો. જ્યાં જનક રાજા તપ કરતા હતા ત્યાં સ્નાન કરતાં નદીમાંથી આ કુંભ મળ્યો. તેમણે આ કુંભને વૃક્ષ નીચે ધરતીમાં દાટી દીધો.

૧૬ વર્ષના ઘોર તપ બાદ રાજાએ રાજ્યમાં પાછા ફરતા આ કુંભને સાથે લઇ જવાની ઇચ્છાથી વૃક્ષ નીચે ખોદાવ્યું પરંતુ કુંભ ન મળ્યો. આસપાસની તમામ જમીન સેવકોએ ખોદી છતાં કુંભ ન મળ્યો. અંતે જનક રાજાએ સ્વયં હળ લઇને જમીન ખોદવા લાગ્યા ત્યારે કુંભ પ્રગટ થયો. અને કુંભમાં લક્ષ્મીના અવતાર સમી ગૌરવર્ણની કન્યા પ્રગટ થઇ. હલના કર્ષણથી (હળ ચલાવવાથી) તે પ્રગટ થઇ માટે તે બાળાનું નામ સીતા રાખ્યું. આમ સદર સર્ગમાં મંદોદરીની પુત્રી તરીકે 'સીતા'ને દર્શાવવામાં આવી છે. આવા અનેક કથાપ્રસંગોના વર્ણનો આપણને જકડી રાખે છે.

ભારતના ગૌરવ શિખર સમા સંસ્કૃતના વિદ્વાનો ડૉ. ગૌતમ પટેલ, પંડિત ફૂલશંકર શાસ્ત્રી, ડૉ. વાસુદેવ પાઠક વગેરેના શુભેચ્છા સંદેશાઓથી ગ્રંથનો ઉઘાડ કરવામાં આવ્યો છે. જેમાં ગ્રંથની મહત્તાના દર્શન કરાવ્યા છે.

પ્રત્યેક સર્ગમાં સંસ્કૃત શ્લોકની નીચે તેનો ગુજરાતી અનુવાદ આપવામાં આવેલો છે. આથી ખૂબ જ સરળતાથી તે સમજી શકાય છે. મધુસુદન વ્યાસ સાહેબના પ્રયાસોથી ''થાઇ રામાયણ''નો પરિચય આપણે મેળવી શક્યા છીએ. અનુવાદકનું સંસ્કૃત સંશોધનક્ષેત્રે વિશેષ પ્રદાન રહ્યું છે. આપણી વિરાસત વૈભવના દર્શન કરાવી તેને ગ્રંથસ્થ કરી જ્ઞાનના પ્રચાર-પ્રસાર દ્વારા દેશની-ભારતીય સંસ્કૃતિની બહુ મોટી સેવા કરી રહ્યા છે - જે અભિનંદનને પાત્ર છે. અનુવાદક દ્વારા આવા અનેક ગ્રંથો મળતા રહે તેવી અભ્યર્થના સહ વાચક મિત્રોને રામનવમીની શુભેચ્છા.

**ડૉ. કનકબાળા જાની**
**કા. યુનિવર્સિટી લાઇબ્રેરિયન**

## સબરસ

सहेली (१) : आप अपनी ससुराल की समस्या पति से क्यूं नहीं कहती ?
सहेली (२) : मलेरिया के बारे में मच्छर से क्या बात करना ?


HNGU
HEMCHANDRACHARYA NORTH GUJARAT UNIVERSITY, PATAN

Hemchandracharya North Gujarat University, Patan
P.B.21, University Road, Patan-384265, Tel: +91-2766-222744, 220932, Fax: +91 - 2766-231917
E-mail : udichyahngu@gmail.com • Visit us at : www.ngu.ac.in

Editor : Dr. Kanakbala Jani (I/c University Librarian), Dr. Chanduji Thakor
Published by : Dr. D.M.Patel, I/c Registrar
Design by : Bhaskar Goswami
Printed by : Vinod Printery, Nr. Three Gate, Patan. • Mo. 9898576011

R.N.I. No. 48820/90, Valid up to 31-12-2020, Posting Reg. No. G/PTN/42, Office of Posting : PATAN H.P.O.